UNITED INTERNATIONAL
GUJARATI CHRISTIAN SOCIETY
NEW YORK & NEW JERSEY
FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN
(A NOT -FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)

✞ AMERICAN CHRISTIAN NEWS
✞ અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ
✞ EDITORS: Revs. Snehlata & Anil Patel
✞ Phone # (718) 435-4786╬ email:snehlata@msn.com
✞ Issue-૧૪૬ Year: ૪૦ જુલાઇ-ઓગષ્ટ ૨૦૧૯

## સાચી સ્વતંત્રતા

યોગાનુયોગ જુલાઇ-ઓગષ્ટ માસમાં બન્ને દેશો રાષ્ટ્રિય દિન દબદબાપૂર્વક ઉજવે છે. અઢારમી સદીમાં યુરોપિય પ્રજાઓ પોતાના દેશો છોડી નવી દુનિયામાં આવી વસી. શરૂઆતમાં નવા વસાહતીઓ પોત પોતાના ગ્રુપોમાં વસવા લાગ્યાં જે કોલોનીઓ તરીકે ઓળખાતા હતા. સમયના વહેણની સાથે ગ્રેટ બ્રિટન સાથે રાજકિય જોડાણ તોડી પાયોનિયરોએ ૧૭૭૬ના જુલાઇ માસની ચોથી તારીખે, સ્વતંત્ર દેશ તરીકે ઘોષણા કરી. અધિકારયુક્ત રીતે અમેરિકા દેશ જાહેર કરવામાં આવ્યો. આમ અમેરિકા દેશનો જન્મ થયો જેમાં તેર રાજ્યો હતાં. વસાહતીઓએ નવા દેશને પોતાનું કાયમી વતન બનાવ્યું. વરસો સુધી ભારત ઉપર ઇંગ્લેન્ડ રાજ કરતું હતું. ક્રાંતિકારીઓ, શહિદો, રાજકિય, અને સામાજિક આગેવાનોની જહેમતથી ૧૯૪૭ના ઓગષ્ટ માસની ૧૫મી તારીખે ભારતને બ્રિટીશ ગુલામીમાંથી સંપૂર્ણ આઝાદી મળી. તેથી ભારત આ દિવસ આઝાદ દિન તરીકે ઉજવે છે.

અમેરિકા દેશમાં આવી વસેલા લોકોના જીવનોમાં ઇશ્વર કેન્દ્રસ્થાને હતા. દિવસભરના હાડમારીભર્યા જીવનથી શારીરિક થાક લાગ્યો હોવા છતાં કોલોનીના લોકો રોજ રાત્રે એક નિયત સ્થળે પ્રાર્થનાસંગત માટે એકત્ર મળતા. જે સ્થળ "મીટીંગ હાઉસ" તરીકે ઓળખવામાં આવતું હતું. આ વસાહતીઓએ પોતાના નવા દેશનો મુદ્રાલેખ પસંદ કર્યો, "IN GOD WE TRUST"! ઇશ્વરને પ્રથમ સ્થાન આપવાને પરીણામે, અમેરિકા દેશ સમૃધ્ધ બન્યો; બીજા દેશોની હરોળમાં તેણે આગવું સ્થાન મેળવ્યું. અમેરિકા દેશે દુનિયાભરમાં મિશનરીઓ મોકલી દુનિયાનો નકશો બદલી નાખ્યો. પણ હવે સમય બદલાયો છે. ઇશ્વરનું નામ બાજુ પર મુકાયું છે. દેશમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ વધ્યું છે. દેવળો ખાલી પડતાં જાય છે જ્યારે કેદખાનાં ઉભરાઇ રહ્યાં છે. ભારત દેશમાં ખ્રિસ્તીઓની સતાવણી કરાઇ રહી છે. પરિણામે ભારતમાં ભ્રષ્ટાચાર, અસહ્ય મોંઘવારી, ગુનાખોરી અને બેરોજગારીએ માઝા મુકી દીધી છે.

આ બન્ને રાષ્ટ્રિય તહેવારો અને દેશોની નાગરિકતા આપણને યાદ દેવડાવે છે કે, પૃથ્વી પરની નાગરિકતા મર્યાદિત છે. તેથી અનંતકાલિક અવિનાશી, સ્વર્ગિય રાજ્યની નાગરિકતા પ્રાપ્ત કરી લેવાની ખૂબ જરૂર છે. જ્યારે આપણે સ્વીકારીએ છીએ કે, "મેં પાપ કર્યું છે અને પાપનું પરિણામ મરણ છે જે મને ઇશ્વરથી વિમુખ લઈ જાય છે. પરંતુ જ્યારે હું પ્રભુ ઇસુ ખ્રિસ્તની આગળ મારાં પાપોની કબૂલાત કરૂ છું, અને પ્રભુ ઇસુ ખ્રિસ્તના રક્તદ્વારા મારાં પાપો ધોવાઇ ગયાં છે તેવો વિશ્વાસ કરૂ છું ત્યારે મને સ્વર્ગની નાગરિકતા પ્રાપ્ત થાય છે". જેને નવો જન્મ કહેવામાં આવે છે. જ્યારે આપણે સ્વર્ગિય રાજ્યની નાગરિકતા પ્રાપ્ત કરીએ છીએ જ્યારે ખ્રિસ્ત આપણા જીવનના કેન્દ્રસ્થાને હોય છે ત્યારે આપણે પોતાના માટે, અને બીજાંઓ માટે પણ આશિર્વાદિત બનીએ છીએ. તેથી, હજી જ્યારે આપણી પાસે સમય અને તક છે ત્યારે સ્વર્ગિય રાજ્યના નાગરિક બની જઈએ. ઇશ્વરપિતા આપણ પ્રત્યેકને સાચી આઝાદી (પાપમાંથીમુક્તિ) પ્રાપ્ત કરી લેવા સામર્થ્ય આપે એ જ મારી પ્રાર્થના છે.

સ્વામીની દ્રાક્ષાવાડીમાં,

બ્રુકલીન સ્નેહલતા પટેલ

## "સૌથી કીમતી ચીજ"

અકબર રાજાના દરબારમાં બુધ્ધિશાળી અને હાજર જવાબી વ્યક્તિ તરીકે બિરબલની ખ્યાતિ ચોમેર પ્રસરી ગઈ હતી. એજ પ્રમાણે ઇસપની દંતકથાઓ પણ વાચકોને વિચાર કરતાં કરી દે છે. આજે ઇસપની દંતકથાઓમાંથી એક પ્રસંગ વાચકમિત્રો સમક્ષ રજૂ કરું છું.

રાજાએ એક દિવસ મોટી મિજબાનીનું આયોજંન કર્યું જેમાં ઘણા બધા મહાનુભવોની સાથે ઇસપને પણ આમંત્રણ આપવામાં આવ્યું.

રાજાએ કહ્યું, "ઇસપ, તું જ્યારે મિજબાનીમાં આવે ત્યારે દુનિયાની સહુથી મુલ્યવાન વસ્તુ લાવજે." મિજબાનીમાં ઇસપ એક સુંદર તાસકમાં કાપેલી જીભ લઈને આવ્યો. રાજાએ કોઇપણ જાતની નારાજગી બતાવ્યા વગર ભેટનો સ્વિકાર કરી લીધો. ફરીથી બીજી વાર રાજાએ મિજબાની ગોઠવી. આ વખતે રાજાએ ઇસપને સૌથી ખતરનાક હથિયાર લઈ આવવા જણાવ્યું. આ વખતે પણ ઇસપ એક ડીશમાં જીભ લઈને જ આવ્યો.

રાજાએ પોતાની ઉત્સુકતા દર્શાવતાં કહ્યું કે, "મુલ્યવાન ચીજ તરીકે તેમ જ ખતરનાક વસ્તુ તરીકે પણ તું જીભ જ લાવ્યો. તેનું કારણ શું"?

ઇસપે ખુલાસો આપતાં જણાવ્યું, "જનાબ, જીભ દુનિયામાં સૌથી મુલ્યવાન વસ્તુ છે. જો વ્યક્તિ ચાહે તો તે ઉત્તેજનદાયક શબ્દોદ્વારા બીજાઓનું જીવન બદલી શકે છે. નિરાશા અને નાસીપાસ થઈ જનાર વ્યક્તિમાં આશાનું કિરણ પ્રગટાવે છે. એથી ઉલટું, જીભનો દુરુપયોગ કરવાથી તારાજી સર્જાય છે. રાષ્ટ્રો વચ્ચે લડાઇ થાય છે. કુટુંબોની તારાજી થઈ જાય છે. લગ્નજીવનો તુટી જાય છે. જીભમાં જીવનોને તબાહ કરવાનું અથવા ઉન્નત કરવાનું સામર્થ્ય છે.. બાઇબલ જણાવે છે કે, " મૃદુ વાણી ઉચ્ચારનાર જીભ જીવનદાયક વૃક્ષ સમાન છે; ....જીવન અને મૃત્યુ જીભ પર અવલંબે છે; જેવો જીભનો ઉપયોગ તેવાં તેનાં ફળ!"

વાંચકમિત્રો! યાકૂબનો પત્ર ૩:૧-૧૧ કલમો ધ્યાનથી વાંચશો તો આપણા અંગત જીવનમાં જીભનો ઉપયોગ કેવી રીતે કરવો તેની આપણને સ્પષ્ટ દોરવણી મળશે. અને આપણાં જીવનો બીજાંઓને રાહ બતાવનારાં બનશે.

યુનિયન સીટી, જોયસી જોવેટ ક્રિશ્ચિયન

## નોંધપાત્ર બાબતો :-

ACNના ખર્ચને પહોંચી વળવામાં મદદરૂપ થવા જો તમારે સ્વેચ્છાપૂર્વક દાન અથવા પોસ્ટલ સ્ટેમ્પ્સ આપવા હોય અથવા ACNની કોપી જોઈતી હોય તો રોબીનભાઈને તમારૂ પોસ્ટલ અથવા ઈ-મેલ એડ્રેસ આપશો. સહકાર બદલ આભાર માનવામાં આવે છે. **સરનામુ:** 17 Dart Mouth Ave, Avenel, N.J 07001-1804; Phone# 917-554-4560. robin.christian@marriott.com

ન્યુઝપેપરમાં લખાતાં લખાણો માટે તંત્રીઓ જવાબદાર નથી.

**મૃત્યુ નોંધ**: ઘણાં વહાલાંઓએ અનંતકાળિક જીવનમાં પ્રવેશ કરેલો છે. તેઓ સર્વના દુખિત કુટુંબીજનોને ઈશ્ર્વરપિતા તેના દૈવી દિલાસાથી ભરપૂર કરે. તમારી પ્રાર્થનાઓમાં તેઓને ધરી રાખશો .

**સહકાર**: ACNના પ્રકાશનનો મુખ્ય હેતું અમેરિકા દેશના ગુજરાતી ખ્રિસ્તી ભાઈબહેનોને એકબીજાના સંપર્કમાં રાખવા, પારસ્પારિક સુખદુ:ખમાં ભાગીદાર બનાવવા, એકબીજાને પ્રેરણારૂપ થવું, ઈશ્ર્વરના આપેલાં તાલંતોનો ઉપયોગ કરી, ગુજરાતી સમાજને મદદરૂપ અને દોરવણીરૂપ બનવું. તેથી ખાસ પ્રકારની અનોખી કાર્યપ્રવૃતિ વગેરે જાતની માહિતી પૂરી પાડવાની ગુજરાતી મિત્રો પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

આ સમાચારપત્રના ખર્ચને પહોંચી વળવા કોઈપણ જાતનું ભંડોળ નથી. બધું જ સ્વેચ્છાપૂર્વક કામ કરનાર વ્યક્તિઓ દ્વારા ચાલે છે. જેથી પાનાં વધારવા શક્ય નથી. તેથી આ સમાચારપત્રનો પૂરેપુરો લાભ મેળવવા વાંચકમિત્રોને વિનંતી કે, પ્રેરણા અને ઉત્તેજન આપનાર સમાચાર, સમાજોપયોગી માહિતી **વધુમાં વધુ એક પાનું મોટા સ્વચ્છ અક્ષરમાં** મોકલશો એવી ACNના પ્રકાશનના હિતમાં અમારી નમ્ર વિનંતી. ACN ને દળદાર તથા માહિતીસભર બનાવવાનો આધાર લેખક મિત્રો પર અવલંબે છે. તેથી દરેક લેખકમિત્રોને મારી નમ્ર વિનંતી કે લેખો મુદ્દાસર હોવા જોઇએ અને એકના એક વાક્યનું વારંવાર પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા પ્રયત્ન કરશો મોડામાં મોડું ઓગષ્ટ ૨૮ સુધીમાં

Revs. Patel, 758-47th Street, Brooklyn, NY 11220 એ સરનામા પર મોકલી આપશો તો આભાર. સહકાર બદલ આભાર

**સાભાર સ્વિકાર;** રોબીનભાઇ ક્રિશ્ચિયન ને નીચેના દાતાઓ તરફથી દાન મળ્યાં છે. જેનો આભારસહિત સ્વીકારકરવામાં આવે છે.

ગિરીશભાઈ હેરિસ, નેપરવિલ, ઇલીનોય તરફથી ૨૫ ડોલર રબેકાબહેન ડાયલ, બ્રુકલીન, ન્યુયોર્ક૨૦ ડોલર અને સ્ટેમ્પ્સ તંત્રીનેવિદ્યાબહેન અને જ્યોર્જભાઇ ક્રિશ્ચિયન, નેપરવિલ તરફથી ૨૫ ડોલર ખર્ચ માટે દાન મળ્યું છે. દાતાઓનો આભાર માનતાં દાનોનો સ્વિકાર કરવામાં આવે છે.

## :- આત્મ પરીક્ષા -:

*"આવો વિશ્વાસ તો મને ઇઝરાયલમાં પણ જોવા મળ્યો નથી!"*

પંચમહાલ જિલ્લાના પિપળીયા ગામની આદિવાસી, અને અશિક્ષિત એવી ભુરીબાઇએ ખ્રિસ્તિ સુવાર્તિક્ની પાસેથી સાંભળ્યું કે ઇસુ નામના માણસે માંદાઓને સાજાં કર્યાં, અને તે આજે પણ જીવંત છે અને સાચા અર્થમાં ઇશ્વર છે. **તેણીએ ઇસુમાં વિશ્વાસ કર્યો.**

તેણીની બહેન એક દિવસ માંદી પડી. ભુરીબાઇએ તેની બહેનને ઇસુ વિષે જણાવતાં કહ્યું કે, તે પોતે તેની બહેનને સાજાપણું મળે માટે પ્રાર્થના કરશે. ભુરીબાઇની પ્રાર્થના વડે તેની બહેનને નવું જીવન મળ્યું અને તેણીએ પણ ઇસુ પર વિશ્વાસ કર્યો.

આ બન્ને બહેનોની ઇસુ વિષેની સાક્ષીથી ઘણાઓએ ઇસુ પર વિશ્વાસ કર્યો. પીપળીયા ગામ દેવગઢબારિયા સરકટનું એક ભાગ બની ગયું....શું આટલો બધો વિશ્વાસ મારામાં, ખ્રિસ્તિઓમાં જોવા મળશે?

(આ વાત મને ગુજરાતમાં મેથોડીસ્ટ મંડળીમાં લાંબા સમય સુધી સેવા આપનાર મિશનરી મિસિસ ફેઇથ બાઉમને તેમની તાજેતરની મુલાકાતમાં ગુજરાતના સંસ્મરણો તાજાં કરતાં જણાવી હતી).

## .- બાઇબલ અભ્યાસના પ્રશ્નો જુલાઇ-ઓગષ્ટ ૨૦૧૯:

- બાઈબલ કવીઝના જવાબો Mrs. Joycey & Jovet Christian, 500 Central Ave, Apt.# 510, Union City, NJ 07087 પર મોકલશો (201-864-4816). નોંધ: ભાઇબહેનોને નમ્ર વિનંતી છે કે જ્યારે તમે જવાબો મોકલો ત્યારે તમારો ફોન નંબર પણ લખશો, જેથી જરૂર પડે તો જોઇસીબહેન તમારો સંપર્ક સાધી શકે. સહકાર બદલ હાર્દિક આભાર.

### ભાગ-૧

નિર્ગમનના પુસ્તકને આધારે નીચેના પ્રશ્નોના જવાબો સંદર્ભ સાથે આપો.

૧. મૂસા કયા કૂળનો હતો.
૨. મૂસાની પત્નિ તથા પ્રથમજનિત દિકરાના નામ આપો.
૩. મૂસાના માતપિતાનાં નામો આપો.
૪. મૂસાના સસરા કયા બે નામોથી ઓળખાતા હતા?

૫. ફારૂનની સાથે વાત કરી ત્યારે મૂસાની તથા હારૂનની વય કેટલી હતી?

૬. મિસરના દસ અનર્થોમાંથી કઈ ત્રણ બાબતો મિસરના જાદુગરો કરી શક્યા?

૭. ઇસ્રાએલપુત્રોએ કેટલાં વર્ષ સુધી માન્ના ખાધુ?

૮. હારુનને કેટલા દિકરા હતા? તેમના નામો જણાવો.

૯. યહોવાએમૂસાને આપેલ આજ્ઞા માટે કુલ કેટલી શિલાપાટીઓ વપરાઇ?

૧૦. ૪૦મા અધ્યાયમાં "જેમ યહોવાહે મૂસાને આજ્ઞા આપી હતી તેમ," આ શબ્દો કેટલી વાર જોવા મળે છે?

## ભાગ-૨ માર્કની સુવાર્તાને આધારે સંદર્ભ સહિત જવાબ આપો.

૧. યોહાન બાપ્તિસ્મી શાનું બાપ્તિસ્મા કરતો હતો?

૨. માર્કની સુવાર્તામાં ઇસુએ પ્રથમ ચમત્કાર કોના હકમાં કર્યો?

૩. શિષ્ય તરીકે પસંદગી પામેલો લેવી કોનો દીકરો હતો? તેનો ધંધો શો હતો?

૪. "બી વાવનારના દ્રષ્ટાંત" પર ઇસુએ ક્યાંથી બોધ કર્યો?

૫. ઇસુએ સિમોનની અટક શી પાડી?

૬. સભાસ્થાનના કયા અધિકારીની દીકરીને ઇસુએ મરણમાંથી સાજી કરી?

૭. "અને તેઓ બેહદ અચંબો પામ્યા, ને બોલ્યા કે તેણે બધું જ સારુ જ કર્યું છે." આ કથન કઈ જગ્યાએ વાંચવા મળે છે?

૮. ખાલી જગ્યા પુરો અને તે ક્યાં મળે છે તે પણ જણાવો..."જે .....છે તે....., ને જે .....છે તે .....ભરી આપો.

## બાઈબલ અભ્યાસ મે-જૂન ૨૦૧૯ના જવાબો અને ખરા જવાબો આપનારનાં નામો:

જવાબો:

### ભાગ-૧

૧. દેવે બીજા દિવસે અંતરિક્ષ અને આકાશ બનાવ્યાં ત્યારે આ નોંધ જોવા મળતી નથી (૧:૬-૮)..

૨. "ખોરાકને સારુ મેં સર્વ લીલોતરી આપી છે" (૧:30)

૩ યૂબાલ (૪:૨૧).

૪. હાબેલ (૪:૪).

૫ નૂહના સમયમાં (૯:૩).

૬. હેબ્રી કે યહુદી નહિ પણ મિસરી (૧૬:૧; ૨૫:૧૨)

૭. લોત અને તેની વડી દીકરી દ્વારા જે સંતાન થયું તેનું નામ મોઆબ પાડ્યું. મોઆબની વંશાવળી મોઆબીઓ કહેવાયા (૧૯:૩૬-૩૭); નાની દીકરી અને લોતથી થયેલ દીકરાનું નામ બેન-આમ્મી હતું જેના વંશજો આમ્મોનીઓ કહેવાયા (૧૯:૩૬-૩૮).

૮. એફ્રાથ (૩૫:૧૯)

૯. યૂસફને વીસ રૂપિયે ઇશ્માએલીઓને વેચી દીધો (૩૭:૨૮).

૧૦. ચાર વાર (૨,૩,૨૧,૨૩).

### ભાગ ૨ માત્થીની સુવાર્તા

૧. ઇસુ નાસરેથ નામના નગરમા જઈ રહ્યા માટે તે નાઝારી કહેવાયા (૨:૨૩).

૨. આઠ. *૧.* આત્મામાં રાંક(૩) *૨.* જેઓ શોક કરે છે (૪); *૩.* જેઓ નમ્ર છે (૫); *૪.* જેઓને ન્યાયીપણાની ભૂખ છે (૬); *૫.* દયાળુઓને ધન્ય છે (૭); *૬* મનમાં જેઓ શુધ્ધ છે (૮); *૭* સલાહ કરાવનાર(૯); *૮.* ન્યાયીપણાને લીધે જેની સતાવણી થઈ છે (૧૦).

૩. માત્થી ૧૦:૨-૪; માર્ક ૩:૧૬-૧૯; લુક ૬:૧૪-૧૬

૫. છ વ્યક્તિઓ ઇસુ, પિતર,યાકુબ, યોહાન, મુસા, એલિયા

૬. ઇસુએ પિતરને આદેશ આપ્યો.(૧૭:૨૭)

૭. બાંધેલી ગધેડીનો. ૨૧:૨

૮ ૨૩મા અધ્યાયમાં

૯. બેથાનિયા, સિમોન કોઢિયા

૧૦. પિતર, યાકુબ અને યોહાન ૨૬:૩૭

## ખરા જવાબો આપનાર

| | | |
|---|---|---|
| ૧ | લિલીયનબહેન ક્રીસ્ટી | નોર્થ બર્ગન, ન્યુજર્સી |
| ૨. | ભાનુમતીબહેન સી. ક્રીસ્ટી | ઓન્ટેરીઓ, કેલિફોર્નિયા |
| 3 | રબેકાબહેન ડાયલ | બ્રુકલીન, ન્યુયોર્ક |
| ૪. | કમલ રાઠોડ | સ્ટેટન આઈલેન્ડ,ન્યુયોર્ક |
| ૫. | રોઝમેરીબહેન હેમંત રાજુ, | એડીસન, ન્યુજર્સી |
| ૬ | સ્ટેલાબહેન એમ.પરમાર | નોર્થ બર્ગન, ન્યુજર્સી |
| ૭. | શાંતાબહેન એમ. રાઠોડ | નોર્થ બર્ગન, ન્યુજર્સી |
| ૮. | સવિતાબહેન મેકવાન | શિકાગો, ઇલીનોઇ |
| ૯. | જૉનભાઇ ક્રિશ્રિયન | મોર્ટન ગ્રોવ, ઇલિનોઇ |
| ૧૦ | વિદ્યાબેન જી ક્રિશ્રિયન | નેપરવિલ , ઇલિનોઇ |

નોંધ: ભાઇબહેનોને નમ્ર વિનંતી છે કે જ્યારે તમે જવાબો મોકલો ત્યારે તમારો ફોન નંબર પણ લખશો, જેથી જરૂર પડે તો જોઇસીબહેન તમારો સંપર્ક સાધી શકે. સહકાર માટે આભાર!

## ચિનગારી:: ફૂલ ખરી પડ્યું; ફોરમ રહી ગઈ."

કહેવત છે કે, હજારો માઇલની મુસાફરી પ્રથમ પગલાથી શરૂ થાય છે. વળી આ પણ એટલું જ સાચું છે કે, દરેક સફળતા પાછળ કોઇક વ્યક્તિનો હાથ હોય છે. આજે ACNની સફળતાના પાત્ર સ્વ. મરીના ક્રિસ્ટીના નિસ્વાર્થ યોગદાન માટે હું ખૂબ જ આભારી છું. તેના જેટલાં વખાણ કરૂં તેટલાં ઓછાં છે.. નાની વયે "ફૂલ ખરી પડ્યું પણ ફોરમ રહી ગઈ"

ત્રણ વરસ પહેલાં, એક દિવસે રૂથ બહેનનો ફોન આવ્યો જેમાં તેમણે ACNનું તંત્રીપદ સ્વીકારવા આગ્રહ કર્યો. મેં જણાવ્યું કે મને ગુજરાતિ ટાઇપીંગ આવડતું ના હોવાથી ન્યુઝલેટરની જવાબદારી લેવી અશક્ય છે. બીજા કે ત્રીજા દિવસે મુરબ્બી જૉસફભાઇ (તંત્રી)નો ફોન આવ્યો. મારે માટે આ પડકાર ઝિલવાનો, અને ઇશ્વર પર સંપૂર્ણ ભરોસો રાખવાનો સમય બની ગયો. મેં પૈસા આપી ACN તૈયાર કરાવવાનો નિર્ધાર કર્યો. તેથી જે મળે તેને ગુજરાતી ટાઇપીંગ જાણકાર માટે પૂછવા લાગી પણ સફળતા મળી નહિ. એક દિવસે કૌટુંબિક સંબંધોને કારણે નિર્મળાબહેન ક્રિસ્ટીને ત્યાં કામ અંગે ગઈ અને રાબેતા મુજબ તેમનાં દીકરી મરીનાને પણ મેં પૂછ્યું, તેમણે જણાવ્યું કે તેઓ અંગ્રેજી માધ્યમમાં ભણ્યાં છે. તેમને ગુજરાતી ટાઇપીંગ આવડતું નથી, છતાં તે પ્રયત્ન કરશે.. તેમણે બાજી જાન પર લગાવી અને પ્રથમ અંક સમયસર બહાર પડ્યો. ૨૦૧૭ના ડિસેમ્બર માસ સુધી કલાકો ગાળી સેવા જારી રાખી. સ્વૈચ્છિક સેવા આપતાં હોવા છતાં સમયસર દ્વિમાસિક-અંક બહારપાડતાં હતાં જાન્યુઆરીમાં તે દાઝી ગયાં અને મુસાભાઇએ મદદ કરી. તેથી ઇશ્વરી કૃપામાં સમયસર બહાર પાડી શકાયા. આ સમય દરમિયાન મેં ટાઇપિંગ શીખી લેવાનો પ્રયત્ન કર્યો. હજી મરીનાને સંપૂર્ણ સાજાપણું મળ્યું ન હતું છતાં તેઓ ફરીથી પ્રયત્ન કરવા લાગ્યાં પણ તેમની નાદુરસ્ત તબિયત, અશક્તિ અને દવાઓની ઘટમાળમાં તેઓ અસમર્થ બન્યાં. અમારૂં સ્વપ્ન ACNને આધુનિક બનાવવાનું હતું. જો કોઇને પણ ઇશ્વર પ્રેરણા કરે તો આ સામયિકને વધુ અસરકારક બનાવવામાં મદદરૂપ થવા આમંત્રણ આપું છું. મરીના પોતે ગુજરાતિ ટાઇપીંગ જાણતાં ન હતાં છતાં કટોકટીમાં પણ ઉમદા કાર્યને જારી રાખ્યું. આજ રીતે તેમણે કેટલાયે જરૂરિયાતમંદોને મદદ કરી છે. તેઓ પ્રભુનું બાળક, સ્પષ્ટ વક્તા લાગણીશીલ, કૌટુંબિક ભાવનાશીલ, નિસ્વાર્થ સેવા કરનાર વ્યક્તિ હતાં. તેઓએ જે સહાય કરી છે તેમાંથી આપણે શીખી શકીએ છીએ કે, ૧ સ્વર્ગિય રાજ્યની વૃધ્ધિમાં હું કેવી રીતે ફાળો આપી શકું? ૨. ઇશ્વરને કશું જ અશક્ય નથી તેથી ઇશ્વર જ્યારે તેડે ત્યારે ઇશ્વરના સામર્થ્ય પર વિશ્વાસ રાખતા તેમને આધીન થઈએ. ૩. યાદ રાખીએ કે બીજાંઓને મદદ કરવા જતાં પોતાને વધુ આશીર્વાદો મળે છે..

મરીનાને દાઝવામાંથી સાજાપણું મળ્યું પણ તેમની નાજુક તબિયત લથડવા લાગી જેનો તેમણે હિંમતપૂર્વક સામનો કર્યો અને પોતાના પ્રયાણકાળનો સમય આવી ગયો છે તેની ખાતરી થતાં વૈદકિય સારવાર બંધ કરાવી અને મે ૨૬, રવિવારે સાંજે કુટુંબીજનોની હાજરીમાં સદાકાળના મહિમાવંત જીવનમાં પ્રવેશ કર્યો. ઇશ્વરપિતા નિર્મળાબહેન, સેલીના

રોબર્ટ, નિકેતા, ફીઝા, માયખા અને બહોળા પરિવારને તેના સ્વર્ગિય દિલાસાથી ભરપુર કરે એ જ પ્રાર્થના.

## ઉપવાસ

માનવજીવનમાં ઉપવાસનું આગવું સ્થાન છે. ઉપવાસ આપણને ઇશ્વરની નજદીક લાવે છે. ઉપવાસ સાથે ઘૂંટણો પર રહેવાથી અજાયબ જેવાં પરિણામો આવે છે. બાઇબલમાં ઘણા દાખલાઓ જોવા મળે છે. હામાન યહુદી પ્રજાનું નિકંદન કાઢવા કટિબધ્ધ હતો. પણ એસ્તરરાણી, મોર્દખાય, અને સમગ્ર યહુદી પ્રજા ઉપવાસ સહિત પ્રાર્થનામાં જોડાઇ અને સમગ્ર યહુદી લોકોનો બચાવ થયો અને હામાન તથા તેના કુટુંબનો નાશ થયો. આ છે પ્રાર્થનાનું પરાક્રમ! પ્રભુ દયાળુ છે. તે આપણી સર્વ જરૂરિયાતો પૂરી પાડે છે.

પ્રભુ ઇસુએ પોતે શિક્ષણ આપતાં કહ્યું છે કે, “જ્યારે તમે ઉપવાસ કરો ત્યારે તમારો ચહેરો ઉદાસ ન લાગે. .....જ્યારે તમે ઉપવાસ કરો ત્યારે તમારો ચહેરો ધોઇ નાખો, અને તેલ ચોળી તમારા વાળ હોળવો. જેથી તમે ઉપવાસ પર છો તેની ખબર બીજાઓને નહિ, પણ તમારા અદ્રશ્ય ઇશ્વરપિતાને પડે. તમે જે ઊપવાસ કરો છો તે ગુપ્તમાં જોનાર તમારા ઇશ્વરપિતા તેનો બદલો તમને આપશે” (માથ્થી ૬: ૧૬-૧૮).

ઇસ્ટ મેડો, લોંગ આઇલેંડ — એરિક વ્યાસ

:.

## ગાર્ડન ઓફ પ્રેયર આયોજિત ફ્લોરિડા ટ્રીપ

**તારીખો:** ઓગષ્ટ ૧૯-૨૩, ૨૦૧૯; સોમવારથી શુક્રવાર
**ખર્ચ:** ૫૨૫ ડોલર અને જમવાનો ખર્ચ પોતાનો
**જોવાલાયક સ્થળો:** બીલિગ્રેહામ લાયબ્રેરી, TBN સ્ટુડિયો, મેજિક કીંગડમ
વધુ માહિતી માટે સંપર્ક સાધો:
**ડો. હેમલતા પરમાર ૭૧૮-૮૫૧-0003**

## વીણેલા મોતી

**ભજન અને ભોજનને કદી છોડવા નહિ. ભોજન દૈહિક જીવનને તંદુરસ્ત બનાવે છે અને ભજન આધ્યાત્મિક જીવનને ઇશ્વરમાં દ્રઢ કરે છે

**જીવનમા ભૂલા.પડવાનો પણ ફાયદો છે. કારણકે.....
*નવા માર્ગનો પરિચય થાય છે.
*અજાણ્યાનો સંગ થાય છે.
* સારાં-નરસાંની ખબર પડે છે.
*મુશ્કેલીઓનો સામનો કરવાનો અનુભવ થાય છે.
* ઇશ્વરની વધુ નજીક રહેવાય છે.

---

From: AMERICAN CHRISTIAN NEWS
Community Paper Soliciting your Co-operation
ID: # 11-2917985 August 28, 1988
“Gujarati Christian Church”
17, Dart Mouth Ave., Avenel, NJ 07001-1804

પ્રતિ

---------------------------------------------------